મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૪-૦૬-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૬૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### મેઘાણીનગર-ગ્રાઉન્ડમાં નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે કરૂણાંતિકાના દ્રશ્યો જોયા; માહિતી મેળવી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી ઘાયલોને મળ્યા, પુર્વ સીએમ વિજય રૂપાણીના પરિવારને મળી સાંત્વના પાઠવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

ગઈકાલે સર્જાયેલી વિમાની દુર્ઘટનાના પગલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે સવારે અમદાવાદ આવી પહોંચ્યા હતા અને તેઓએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને તેઓએ કઈ રીતે આ દુર્ઘટના સર્જાઈ તેનો ચિતાર મેળવ્યો હતો.

વડાપ્રધાને ગઈકાલે જ બપોરે આ ઘટનાના પગલે નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી નાયડુ ને અમદાવાદ પહોંચવા જણાવ્યુ હતું અને બાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ પણ અમદાવાદ પહોંચ્યા હતા. શ્રી મોદીએ દિવંગતોના પરિવાર પ્રત્યે પણ સંવેદનાનો સંદેશ આપ્યો હતો.

આજે સવારે વડાપ્રધાન અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા હતા અને સીધા દુર્ઘટના સ્થળ પર જવા રવાના થયા હતા. વડાપ્રધાન એ બાદમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જે આ દુર્ઘટનામાં એકમાત્ર જીવિત મુસાફર છે. તેની મુલાકાત લીધી હતી તથા સારવારની વિગતો મેળવી હતી.

બાદમાં આ વિમાન જયાં તૂટી પડયુ તે સ્થળે મેડીકલ કોલેજ હોસ્ટેલ અને તેની આસપાસના લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેની પણ મુલાકાત લીધી હતી. બાદમાં સર્કિટ હાઉસ ખાતે શ્રી મોદીએ એક ઉચ્ચ કક્ષાની બેઠક યોજી હતી.





જેમાં એવીએશન એરઈન્ડીયા તથા એરપોર્ટના સીનીયર અધિકારીઓ હાજર હતા. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર યાદવ અને નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી નાયડુએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.

શ્રી મોદી બાદમાં આજે જ લંડનથી અમદાવાદ પહોંચેલા સ્વ. વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન તથા અન્ય પરિવારજનોને ગાંધીનગરમાં મળ્યા હતા તથા પોતાની સંવેદના દર્શાવી હતી. આ ઘટના અંગે નાગરિક ઉડ્ડયન વિભાગની ઉચ્ચ કક્ષાની તપાસ ટીમ પણ ગઈકાલે રાત્રીનાજ અમદાવાદ પહોંચી ગઈ છે અને અહી તપાસનો હવાલો સંભાળી લીધો છે.



## ડીએનએ ટેસ્ટ બાદ પ્રથમ મૃતદેહ સુપ્રત કરાયો

### તમામ ડીએનએ થયા બાદ મૃત્યુઆંક જાહેર કરાશેઃ અમીત શાહ

**અમદાવાદની વિમાની દુર્ઘટનામાં મુળ મૃત્યુઆંક અંગે હજું સતાવાર કોઈ આંકડો જાહેર થયો નથી પણ ડીએનએ ટેસ્ટ પ્રક્રિયા ઝડપી બનાવાઈ છે અને આજે ડીએનએ ટેસ્ટ બાદ પ્રથમ મૃતદેહ સુપ્રત થયો હતો.આ દુર્ઘટનાના પગલે અમદાવાદ દોડી આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહે જણાવ્યું કે, તમામ મૃતકોના ડીએનએ ટેસ્ટ થયા બાદ મૃત્યુનો આંકડો જાહેર કરવામાં આવશે. આજે પ્રથમ મૃતદેહમાં ઓળખ નિશ્ચિત થતા જ તે તેમના સ્વજનને સુપ્રત કરાયા છે. હોસ્પીટલ ખાતે સ્વજનો હવે તેમના ડીએનએ સેમ્પલ આપ્યા બાદ હવે તેમના સ્વજનની ઓળખ અને તેની જોઈ રહ્યા છે. એરઈન્ડીયાએ આ હતભાગી મુસાફરના પરિવારને લાવવા અને પાર્થિવ દેહ પરત જે તેના વતનમાં લઈ જવાની ખાસ વ્યવસ્થા ગોઠવી છે.**



### પરિવારજનો ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે વિમાન દુર્ઘટનાના સમાચાર મળ્યા

## અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં વિસનગરના પોયડા માઢના બે દંપતિ સહિત ૪ના મોત નિપજ્યાં





(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં મહેસાણા જિલ્લાના વિસનગરના પોયડા માઢના બે દંપતીનું મોત થયું છે. મૃતકોમાં દશરથભાઈ જોઈતારામ પટેલ અને તેમના પત્ની ડાહીગૌરીબેન, દિનેશભાઈ કાંતિલાલ પટેલ અને તેમના પત્ની ક્રિષ્ણાબેન તેમજ ગંજી વિસ્તારની અંકિતાબેન વસંતભાઈ પટેલનો સમાવેશ થાય છે.

કુટુંબી ભાઈ યોગેશ પટેલના જણાવ્યા મુજબ, દિનેશભાઈ અને તેમના પત્ની કૃષ્ણાબેન ગુરુવારે સવારે ૯ વાગે લંડન જવા નીકળ્યા હતા. તેમનો પુત્ર વિક્રમ છેલ્લા ચાર વર્ષથી લંડનમાં નોકરી કરે છે. તેણે તેના માતા-પિતાને મળવા માટે લંડન બોલાવ્યા હતા. દિનેશભાઈ ખેતી કરતા હતા અને તેમણે ક્યારેય વિસનગરની બહાર મુસાફરી કરી નહોતી. આ તેમની પ્રથમ વિમાન યાત્રા હતી. લંડન જવાના આગલા દિવસે પણ તેઓ ખેતરની ઓરડીમાં સૂતા હતા.

પરિવારના સભ્યો દિનેશભાઈને એરપોર્ટ મૂકવા ગયા હતા. તેમની પુત્રી પણ અમદાવાદ સુધી તેમની સાથે ગઈ હતી. પરિવારજનો ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે વિમાન દુર્ઘટનાના સમાચાર મળ્યા. તેઓ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા, જ્યાં બે કલાક સુધી કોઈ માહિતી મળી નહોતી. પરિવારજનોએ DNA ટેસ્ટ માટે સેમ્પલ આપ્યા બાદ ઘરે પરત ફર્યા. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, દિનેશભાઈ ક્યારેય રેલવેમાં પણ મુસાફરી કરી નહોતી. તેમની પ્રથમ વિમાન યાત્રા જ આખરી બની ગઈ. આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ છવાયું છે.

### વડનગર પોલીસ સ્ટેશનમાં વિસ્તારના ગુનામાં સંડોવાયેલો હતો

## મહેસાણા પેરોલ સ્કોર્ડે એક વર્ષથી નાસતા ફરતાં આરોપીને વગવાડી કેનાલ પાસેથી ઝડપી પાડ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

મહેસાણા પેરોલ સ્કોડે વડનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો છે. પેરોલ સ્કોડના હેડ કોન્સ્ટેબલ રમેન્દ્રસિંહ અને હેડ કોન્સ્ટેબલ પ્રકાશકુમારને ખાનગી માહિતી મળી હતી કે વડનગર સ્માર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના કેસનો આરોપી ચાડા ગામ નજીક છે.બાતમીના આધારે પોલીસે અમરપુરાથી વગવાડી જવાના રસ્તા પર આવેલી નાની કેનાલની પાળી પાસેથી આરોપીને ઝડપી લીધો હતો. આરોપીએ લાલ રંગનો શર્ટ અને ક્રીમ કલરનું પેન્ટ પહેર્યું હતું. પોલીસે તેની ઓળખ આપી પૂછપરછ કરતા તેણે પોતાનું નામ ઠાકોર સુરેશજી પ્રધાનજી મોનાજી (ઉંમર ૩૦) જણાવ્યું હતું. તે અમરપુરા (ઉમેદપુરા) ચાડા, તાલુકો ખેરાલુ, જિલ્લો મહેસાણાનો રહેવાસી છે. પેરોલ સ્કોડે આરોપીને પકડીને વધુ તપાસ માટે વડનગર પોલીસને સોંપી દીધો છે. આરોપી છેલ્લા એક વર્ષથી પોલીસથી ફરાર હતો.

### ભારતના ચૂંટણી પંચની કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીથી નવી પહેલની શરૂઆત

## દર બે કલાકના મતદાનના આંકડા રીયલ ટાઈમમાં મળી જશે : ડેટા કંપાઈલ કરવામાં સરળતા રહેશે

### જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ECINET એપ્લિકેશનની પ્રિસાઈડિંગ ઓફિસરને સઘન તાલીમ અપાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

૨૪-કડી (અ.જા.) વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં પ્રિસાઈડિંગ ઓફિસર હવે દર બે કલાકના મતદાનના આંકડા એપ્લિકેશનના માધ્યમથી અપલોડ કરશે.

ભારતના ચૂંટણી પંચની નવી પહેલની રાજ્યની કડી અને વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીમાં શરૂઆત થવા જઈ રહી છે, ECIએ ચૂંટણી પ્રક્રિયામાં ટેકનોલોજીનો વ્યાપ વધારતા ECINET એપ્લિકેશન લોન્ચ કરી છે.

આ એપ્લિકેશન પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતા અધિકારી-કર્મચારીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી એસ.કે.પ્રજાપતિએ ઈસીઆઈની આ પહેલને આવકારદાયક ગણાવી હતી, તેમણે ખાસ પ્રિસાઈડિંગ ઓફિસરને આ ECINET એપ્લિકેશનની સઘન તાલીમ મળી રહે તે માટે વિશેષ ભાર પણ આપ્યો હતો.




આ એપ્લિકેશનના માધ્યમથી ચૂંટણી દરમિયાન મતદાનના દર બે કલાકના આંકડા પણ રીયલ ટાઈમમાં ચૂંટણી પંચને મળી રહેશે. ચૂંટણી સમય પૂર્ણ થયા બાદ તરત જ આ એપ્લિકેશનમાં થયેલ મતદાનના આંકડા અપલોડ કરવાના હોય જે તુરંત જ ચૂંટણીપંચને મળી રહેશે. જેથી ચૂંટણી પંચને ડેટા કંપાઈલ કરવામાં ખુબ જ સરળતા રહેશે અને સમયસર થયેલ મતદાનની ટકાવારી સચોટ રીતે સમયસર જાહેર કરી શકશે.

ચૂંટણી પ્રક્રિયામાં ટેકનોલોજીના સમાવેશથી ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી કાર્ય વધુ સરળતાથી, પારદર્શિતાથી, ઓછા સમયમાં અને કાર્યક્ષમ રીતે થઈ શકશે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ નવી એપની પ્રિસાઈડિંગ ઓફિસરને સઘન તાલીમ આપવામાં આવી છે. તાલીમમાં પ્રિસાઈડિંગ ઓફિસરોને ECINET એપ્લિકેશન શું છે, કઈ રીતે કાર્ય કરે છે, તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન માહિતી સબમિટ કરવી, તે બાબતે વિશદ સમજ આપવામાં આવી હતી. સાથો સાથ તમામ તાલીમાર્થીઓને આ એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી તેમજ દરેક સ્ટેપમાં માહિતી કઈ રીતે સબમિટ કરવી તેનું તાલીમ દરમિયાન ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું. આમ, આ એપ્લિકેશનની દરેક બાબતમાં કોઈ ટેક્નિકલ કે અન્ય પ્રશ્નો હોય તો તેનું ત્યાં સ્થળ પર સમાધાન આપવામાં આવ્યું હતું.




## કોંગ્રેસે થરૂર, ખુર્શીદ, કનિમોરી અને ઓવૈસી પાસેથી રાષ્ટ્રીય હિત શીખવું જોઈએ

ઓપરેશન સિંદૂરની સફળતા પછી, મોદી સરકારે વૈશ્વિક મંચો પર પોતાનો પક્ષ રજૂ કરવા માટે સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોને વિવિધ દેશોમાં મોકલવાની પહેલ તેના મૂળ ઉદ્દેશ્ય કરતાં વધુ સફળ સાબિત થઈ છે. આ પ્રતિનિધિમંડળોમાં ગયેલા સભ્યોએ માત્ર પાકિસ્તાનનો વાસ્તવિક ચહેરો જ ઉજાગર કર્યો નથી, પરંતુ એ પણ દર્શાવ્યું છે કે આંતરિક સ્તરે કેટલાક વિવાદો અને વિભાજન હોવા છતાં, ભારત મૂળભૂત રીતે એક છે. આ પ્રતિનિધિમંડળોએ ભારતની સમાવેશી સંસ્કૃતિનું જીવંત ઉદાહરણ રજૂ કર્યું. આનો સૌથી અસરકારક અભિવ્યક્તિ ત્યારે જોવા મળ્યો જ્યારે સ્પેનમાં દ્રમુક સાંસદ કનિમોરીને ભારતની રાષ્ટ્રીય ભાષાનો પ્રશ્ન પૂછીને અસ્વસ્થ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ તેમણે જે સરળતાથી જવાબ આપ્યો કે 'વિવિધતામાં એકતા' ભારતની રાષ્ટ્રીય ભાષા છે, તેણે સ્વાભાવિક રીતે જ તે વ્યક્તિને ચૂપ કરી દીધી જેણે ચોક્કસ હેતુથી આવો પ્રશ્ન પૂછ્યો હતો.

ઉલ્લેખનીય છે કે કનિમોરી તમિલનાડુ રાજ્યમાંથી આવે છે, જ્યાં ભાષા, ખાસ કરીને હિન્દીને લઈને ઘણીવાર વિવાદો ઉભા થાય છે. એટલું બધું કે તેમનો પક્ષ તેના સ્થાપક અન્નાદુરાઈના સમયથી તમિલનાડુ પર 'હિન્દી લાદવા' અંગે અવાજ ઉઠાવી રહ્યો છે. આ વલણ જવાહરલાલ નેહરુથી લઈને નરેન્દ્ર મોદીની સરકારો સુધી ચાલુ રહ્યું છે. ભાષા પરના તેમના જવાબ દ્વારા કનિમોરીએ ભાર મૂક્યો કે કોઈપણ સંજોગોમાં, રાષ્ટ્રીય હિત સર્વોપરી હોવું જોઈએ. એ અલગ વાત છે કે જ્યારે તેઓ સ્પેનમાં ભારતને ગૌરવ અપાવી રહ્યા હતા, ત્યારે તેમના પક્ષના સાથીદાર અને પ્રખ્યાત અભિનેતા-ફિલ્મ નિર્માતા કમલ હાસન કન્નડ ભાષાને ઓછી કરીને અને તમિલની શ્રેષ્ઠતાના ગુણગાન કરીને એક નવો વિવાદ ઉભો કરવામાં વ્યસ્ત હતા.

સર્વપક્ષીય પ્રતિનિધિમંડળમાં સમાવિષ્ટ અન્ય પક્ષોના નેતાઓએ પણ આ મોરચે પ્રશંસનીય કાર્ય કર્યું. આમાં ખાસ કરીને કેટલાક કોંગ્રેસના સાંસદોનો સમાવેશ થતો હતો. તેમના નેતા રાહુલ ગાંધીના સતત ફરિયાદભર્યા સ્વર અને તેમના સામાન્ય રીતે નકારાત્મક વલણ છતાં, કોંગ્રેસના સાંસદોએ દર્શાવ્યું કે ભારત રાજકીય રીતે સંપૂર્ણપણે એક છે. આવા કોંગ્રેસના સાંસદોમાં શશી થરૂરની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. વિષયના તેમના વિશાળ જ્ઞાન અને ઉત્તમ વાતચીત શૈલી દ્વારા, તેમણે ભારતનો પક્ષ અનુકરણીય રીતે રજૂ કર્યો. થરૂરે વિશ્વભરમાં પ્રતિનિધિમંડળ મોકલવાની પહેલ માટે મોદી સરકારની પણ પ્રશંસા કરી.

તેમણે કહ્યું કે જ્યારે પણ રાષ્ટ્ર સંકટમાં હોય છે, ત્યારે ખભે ખભા મિલાવીને કામ કરવું એ બધા નાગરિકોની જવાબદારી છે. રાજકારણને આનાથી દૂર રાખવું જોઈએ. તેમના મતે, અમેરિકા અને મધ્ય અમેરિકન દેશોમાં પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવા માટે તેમની પસંદગી તેમના માટે ગર્વની વાત હતી. ભૂતપૂર્વ વિદેશ પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદે પણ પોતાની ફરજ સારી રીતે નિભાવી.

તેમણે ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી અને સશસ્ત્ર દળોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે પાકિસ્તાન સાથે વાતચીત અને સહયોગ માટે ગમે તેટલા પ્રયાસો કરવામાં આવે છે, આ પાડોશી દેશ પાસે તેમનો એક જ જવાબ છે અને તે છે આતંકવાદ. ખુર્શીદે વિરોધી પક્ષો અને ઓપરેશન સિંદૂરની ટીકા કરનારા તેમના પોતાના પક્ષના કેટલાક નેતાઓની પણ ટીકા કરી.

તેમણે કલમ ૩૭૦ દૂર કરવાના મોદી સરકારના નિર્ણયને જોરદાર ટેકો આપ્યો. આ પછી, કેટલાક કોંગ્રેસના નેતાઓએ તેમના પર નિશાન સાધ્યું, જેની પીડા તેમણે એમ કહીને વ્યક્ત કરી કે શું દેશભક્ત બનવું ખૂબ મુશ્કેલ છે. થરૂર અને ખુર્શીદ ઉપરાંત, કોંગ્રેસના બીજા એક મોટા નેતા આનંદ શર્મા હતા, જેમણે પ્રતિનિધિમંડળની કવાયતની પ્રશંસા કરી. તેમણે આતંકવાદને પ્રોત્સાહન આપવામાં પાકિસ્તાની લશ્કરી સ્થાપનાની ભૂમિકાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાના મોદી સરકારના પ્રયાસને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યો. મનીષ તિવારીનું નામ પણ એવા નેતાઓની યાદીમાં ઉમેરવામાં આવ્યું જેમણે કહ્યું કે રાષ્ટ્ર પ્રત્યેની કોઈપણ જવાબદારી બીજા બધાથી ઉપર છે.

પહલગામ હુમલાથી લઈને પ્રતિનિધિમંડળમાં તેમની ભાગીદારી સુધી,અસદુદ્દીન ઓવૈસીનો કટ્ટર રાષ્ટ્રવાદી તરીકે ઉભરી આવવાનો પણ અનુભવ થયો. તેમણે ખૂબ જ સ્પષ્ટપણે વાત કરી કે ભારત પાકિસ્તાનની આતંકવાદી નીતિઓની કિંમત કેવી રીતે ચૂકવી રહ્યું છે. તેમણે તેમની ખાસ ભાષા અને ઉદાહરણો દ્વારા વિશ્વનું ધ્યાન આ સમસ્યા તરફ દોર્યું. તેમને પ્રતિનિધિમંડળ સાથે સાઉદી અરેબિયા, કુવૈત, બહેરીન અને અલ્જેરિયા જેવા મુસ્લિમ દેશોમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં પાકિસ્તાન ઘણીવાર ધર્મનો ઉલ્લેખ કરે છે. **તંત્રી : પ્રકાશ ચૌધરી**

### કડી વિધાનસભા પેટા ચૂંટણી માટે EVM - VVPATની કમિશનિંગનો પ્રારંભ

# ચૂંટણી અધિકારી, ઉમેદવારો અને પ્રતિનિધિઓની હાજરીમાં પારદર્શક રીતે કમિશનિંગની કામગીરી

**કમિશનિંગ દરમિયાન હરીફ ઉમેદવારોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પ્રત્યેક EVM માં મોકપોલ કરાઈ છે : ૫ ટકા EVM - VVPATમાં ૧૦૦૦ મતો નાખી કરાતી ખાતરી**

**ચૂંટણી પ્રક્રિયામાં ઉપયોગ થનાર અને રિઝર્વ EVM - VVPAT મતદાન માટે કરાતા સુસજ્જ**

**ચૂંટણી દ્વારા અધિકૃત ૨ ઇજનેર અને માસ્ટર ટ્રેનરની સહાયતાથી કમિશનિંગની થતી કામગીરી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે ઈવીએમ કમિશનિંગ એટલે કે, **EVM - VVPAT**ને મતદાન પ્રક્રિયા માટે સુસજ્જ કરવાની કામગીરીનો પ્રારંભ થયો છે.

કડી તાલુકા સેવા સદનના સ્ટ્રોંગ રૂમ ખાતે ૨૪- કડી વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી આશિષ મિયાત્રા, મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર કડી માધવીબેન પટેલ, ઉમેદવારો અને તેમના પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં ચૂંટણી પંચના આધિકૃત ૨ ઈજનેરશ્રીઓ અને માસ્ટર ટ્રેનરની સહાયતાથી **EVM - VVPAT**ની કમિશનિંગ શરૂ કરવામાં આવી છે. જે



સંભવત તા.૧૪-૬-૨૦૨૫ના રોજ પૂર્ણ થશે.

ઈવીએમ કમિશનિંગને સરળ ભાષામાં જાણીએ તો, મતદાન કરવા માટે **EVM - VVPAT**ને સુસજ્જ કરવા. જેમાં બેલેટ યુનિટમાં બેલેટ પેપર સેટ કરવામાં આવે છે ઉપરાંત ઈવીએમમાં બેટરી સેટ કરવી, ઈવીએમ અને **VVPAT**માં એડ્રેસ ટેગ લગાડવા, સાથે જ પિંક પેપર સીલ લગાડવું વગેરે પારદર્શક રીતે કમિશનિંગની કામગીરી કરવામાં આવે છે.

આ સમગ્ર કામગીરી ચૂંટણી અધિકારીની દેખરેખ અને વિડીયોગ્રાફી હેઠળ કરવામાં આવે છે. જેથી ચૂંટણી પ્રક્રિયાની પારદર્શકતા જળવાઈ રહે.

**EVM - VVPAT** મતદાન માટે સુસજ્જ કરાયા બાદ ઉમેદવારોના પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં પારદર્શક રીતે દરેક ઈવીએમમાં મોકપોલ કરવામાં આવે છે. એટલે કે, પ્રત્યેક **EVM - VVPAT** દ્વારા વોટ નાખી ચેક કરવામાં આવે છે. ઉપરાંત કુલ ઈવીએમના ૫ ટકા ઈવીએમમાં ૧૦૦૦ મતો નાખીને જરૂરી ખરાઈ કરવામાં આવે છે.

આ ઈવીએમ કમિશનિંગમાં ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓ/એજન્ટોએ મોકપોલની પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લઈ ઈવીએમ કમિશનિંગ સંપૂર્ણ પારદર્શક અને નિયમ મુજબ થાય છે તેવો તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

### અમદાવાદ પ્લેનક્રેશ બાદ ઉભા થયેલા સવાલો

# શું વિમાનને રિમોટ કંટ્રોલથી ક્રેશ કરી શકાય? કોકપિટને હેક કરવું સંભવ છે?

**ટેકનિકલ રીતે પ્લેનની કોકપિટને હેક કરવી અને રિમોટલી ક્રેશ કરવાની હજુ સુધી ઘટના નથી બની : નિષ્ણાંતો**

અમદાવાદ,તા.૧૩

અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના બાદ બધા આઘાતમાં છે. બોઈંગનું આ પહેલું ડ્રીમલાઈનર વિમાન છે જે ક્રેશ થયું છે. બોઈંગ ૭૩૭, બોઈંગ ૭૭૭, એરબસ છ૩૨૦ વગેરે જેવા આધુનિક પેસેન્જર વિમાનો એવિઓનિક્સ તરીકે ઓળખાતી અત્યાધુનિક કમ્પ્યુટર સિસ્ટમ્સ દ્વારા સંચાલિત થાય છે.

આ સિસ્ટમો ફ્લાઈટ, નેવિગેશન, એન્જિન કંટ્રોલ અને ઓટો-પાયલોટ જેવા વિમાનના કાર્યોને નિયંત્રિત કરે છે. આ એવિઓનિક્સ સિસ્ટમ્સ ડિઝાઈન કરતી વખતે સુરક્ષા અને વિશ્વસનીયતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે. મોટાભાગની સિસ્ટમ્સ ફિઝીકલ રીતે અલગ હોય છે, એટલે કે, તે સીધા ઈન્ટરનેટ અથવા જાહેર નેટવર્ક્સ સાથે જોડાયેલા



નથી.

આજની એરલાઈન્સ અને વિમાન ઉત્પાદકો તેમની સિસ્ટમ્સમાં મલ્ટી લેયર સાયબર સિક્યોરિટી ટેકનીકનો ઉપયોગ કરે છે. ડેટા અને કોમ્યુનિકેશન એક્રિપ્શન સાથે સંપૂર્ણપણે સુરક્ષિત રહે છે. ફાયરવોલ્સ અને ઈન્ટ્રૂશન ડિટેક્શન સિસ્ટમ્સ તરત જ કોઈપણ અનધિકૃત એક્સેસ શોધી કાઢે છે.

સિસ્ટમ આઈઈસોલેશન ઈનફ્લાઈટ વાઈ-ફાઈ અથવા એન્ટરટેઈનમેન્ટ સિસ્ટમને કોકપીટ કંટ્રોલ સિસ્ટમથી સંપૂર્ણપણે અલગ રાખે છે.અગાઉ સાયબર સિક્યોરિટી રિસર્ચર ક્રિસ રોબર્ટ્સે દાવો કર્યો હતો કે તેણે પ્લેનની ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ દ્વારા કોકપીટ સિસ્ટમને એક્સેસ કરવાનો પ્રયાસ કર્યો હતો.

તેણે કહ્યું કે તેણે થોડા સમય માટે ફ્લાઈટનું એન્જિન ચાલુ કરવાનો પ્રયાસ કર્યો, જોકે આ દાવાની સરકારી એજન્સીઓ દ્વારા પુષ્ટિ નહતી મળી, પરંતુ ꞉છછ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ તેને ગંભીરતાથી લીધું હતું. આ ઘટના પછી, વિમાનની સાયબર સિક્યોરિટી વધુ મજબૂત બનાવવામાં આવી હતી.

ટેકનિકલ રીતે, પેસેન્જર પ્લેનની કોકપીટ સિસ્ટમને રિમોટલી હેક કરવી અત્યંત મુશ્કેલ અને લગભગ અશક્ય છે. અત્યાર સુધી, હેકર દ્વારા પ્લેનને રિમોટલી નિયંત્રિત કરીને તેને ક્રેશ કરવામાં આવ્યું હોય તેવું કોઈ સાબિત ઉદાહરણ મળ્યું નથી.

સિક્યોરિટી એજન્સીઓ આ શક્યતાને નકારી નથી અને સતત દેખરેખ અને સુધારો કરી રહી છે. સૌથી મોટો ખતરો ઈનસાઈડર એક્સેસ છે, જેની સાથે વ્યવહાર કરવા માટે કડક પ્રક્રિયાઓ અપનાવવામાં આવે છે.


### બચાવ ટીમને મળેલી ભગવત ગીતાનો વીડિયો વાયરલ

# પ્લેનક્રેશ સ્થળે વિમાનનું લોખંડ પણ ખાખ થઈ ગયું હતું, પણ ભગવત ગીતા સુરક્ષિત હતી

અમદાવાદ,તા.૧૩

૧૨ જૂનના ૨૦૨૫ રોજ બપોરે અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાનના ભયાનક ક્રેશ બાદ બચાવ કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે. આ અકસ્માતમાં ૨૪૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા,બચાવ કામગીરી દરમિયાન વિસ્ફોટ પછી લાગેલી આગની જ્વાળાઓએ વિમાન અને આસપાસની વસ્તુઓને કેટલું નુકસાન પહોંચાડ્યું હતું તે સ્પષ્ટપણે જોઈ શકાય છે.

જોકે, આ સમય દરમિયાન બચાવ ટીમને ભગવદ ગીતા મળી આવી હતી. કદાચ કોઈ મુસાફર આ



પવિત્ર ગ્રંથ સાથે અમદાવાદથી લંડન જઈ રહ્યો હતો. જ્યાં બધો સામાન બળીને રાખ થઈ ગયો હતો, ત્યાં ભગવદ ગીતા સંપૂર્ણપણે સુરક્ષિત અને વાંચી શકાય તેવી સ્થિતિમાં હતી. ત્યાં હાજર લોકો તેમને ચમત્કાર તરીકે જોઈ રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વિડિયોમાં એક વ્યક્તિ અકસ્માત સ્થળે કાટમાળમાંથી ગીતાના પાના બતાવતો જોવા મળે છે. વિમાનના ખરાબ રીતે બળી ગયેલા અને ક્ષતિગ્રસ્ત ભાગો વચ્ચે ભગવદ ગીતાની સલામત શોધ ન માત્ર ચમત્કારિક માનવામાં આવે છે, પરંતુ તે લોકોની શ્રદ્ધા અને ભક્તિનું પ્રતીક પણ બની ગઈ છે.

અકસ્માત સ્થળે હાજર એક વ્યક્તિ ગીતાના પાના બતાવતો આ વિડિયો સોશિયલ મીડિયા પર લોકોની લાગણીઓને સ્પર્શી ગયો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** જો તમારી આશાઓ પૂર્ણ નહીં થાય તો તમે દુ:ખી થશો. અંગત સંબંધોની કેટલીક બાબતોમાં વિવાદો ઉભા થઈ શકે છે. ખાસ કરીને આજે, એક વાત ધ્યાનમાં રાખો કે જ્યારે પણ તમને જીવનમાં જરૂર પડશે

**વૃષભ:** આજે તમે ખુશ થશો. તમે ઘર અથવા કાર્યસ્થળ પર વૈભવી વાતાવરણનો આનંદ માણશો. તમારા હાથમાં મોટી રકમ મળ્યા પછી તમે સંતુષ્ટ થશો. સાંજે, તમે પરિવારના સભ્યો અને મિત્રો પ્રત્યે ઉદાર વલણ અપનાવશો.

**મિથુન:** આજે દરેક બાબતમાં બધું જ વટાવી ન જાઓ. જીવનના કડવા અનુભવોમાંથી પાઠ શીખો. ભૂતકાળને ભૂલી જાઓ અને વર્તમાનમાં આગળ વધો. આજે તમારા કાર્યસ્થળમાં કાળા ફેરફારોની શક્યતા છે.

**કર્ક:** આજે સ્વાસ્થ્ય પ્રત્યે વધુ કાળજી રાખવાની જરૂર છે. આજે અનિયમિત આહાર પર નિયંત્રણ રાખો. ધ્યાનમાં રાખો કે અતિરેક હાનિકારક છે. વૃશ્ચિક રાશિવાળા વ્યક્તિ તમને આકર્ષક પ્રસ્તાવ મૂકશે.

**સિંહ:** આજે તમારા જીવનમાં કોઈ મહત્વપૂર્ણ પરિવર્તનની શક્યતા છે. કદાચ આ કારણે તમારે મુશ્કેલ સમયમાંથી પસાર થવું પડશે. પરંતુ યાદ રાખો, જ્યારે અંધારું વધે છે ત્યારે સવાર નજીક હોય છે.

**કન્યા:** આજે તમે એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહ્યા છો. તેને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં ઘણો સમય લાગી શકે છે. આ સમય દરમિયાન, તમારે બીમાર થવાને બદલે તમારા કાર્યને પૂર્ણ કરવા માટે ધીરજ રાખવી જોઈએ.

**તુલા:** આજે સ્વાસ્થ્ય અને નાણાકીય સંસાધનો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. બીજા લોકોના કામમાં વધુ સમય અને શક્તિ ખર્ચ ન કરો કારણ કે આવા લોકો એક પછી એક મદદ માંગતા રહે છે.

**વૃશ્ચિક:** આજે નસીબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ તરફ આગળ વધો. યોજનાઓ સંબંધિત દરખાસ્તને મંજૂરી મળ્યા પછી અને ચુકવણી પછી, તમે વ્યવસાય કાર્યક્રમ સાથે આગળ વધી શકો છો.તમને યોગ્ય વ્યક્તિ અને સારી તકો મળતી રહેશે જે તમે ભૂતકાળમાં શોધી રહ્યા હતા.

**ધન:** આજે, શારીરિક અને માનસિક રીતે પરેશાન હોવા છતાં, તમે જે પણ કાર્ય કરો છો, તે હિંમતથી કરો. જો તમે તે કરશો તો તમને સફળતા મળશે. કામ અને પરિવારમાં મુશ્કેલીઓ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં તમે પરિસ્થિતિનું નિરાકરણ જોશો.

**મકર:** આજે અંગત સંબંધો પ્રેમાળ અને સહયોગી રહેશે. સારા સ્વાસ્થ્યને કારણે, તમે વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેશો. તમારા જીવનસાથી સાથે મળીને તમે તમારા સંસાધનોને એકત્રિત કરી શકશો.

**કુંભ:** આજે તમને ત્રિકોણીય વ્યવસાયિક ભાગીદારી અને સંબંધોથી ફાયદો થશે. પરંતુ વ્યક્તિગત સંબંધોના કિસ્સામાં, ત્રિકોણીય સંબંધો તમારા જીવનમાં સમસ્યાઓ ઊભી કરી શકે છે.

**મીન:** તમારા સાથીદારોની મદદથી, આજે તમે એક મોટો પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં સફળ રહ્યા. આ ઉપરાંત, કોઈ વરિષ્ઠ વ્યક્તિના હસ્તક્ષેપને કારણે આજે લાંબા સમયથી ચાલતો કૌટુંબિક વિવાદ ઉકેલાઈ જશે.



## ફિલ્મી ગપશપ

### બોલિવુડ અભિનેત્રી કરિશ્મા કપૂરના પૂર્વ પતિનું હાર્ટએટેકથી મોતનું કારણ સામે આવ્યું

**સંજય કપૂરના મૃત્યુ અને મધમાખીઓ વચ્ચે શું જોડાણ છે? પોલો રમતી વખતે તેને હાર્ટએટેક કેવી રીતે આવ્યો?**



લંડન : બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂરના પૂર્વ પતિ સંજય કપૂરનું ગઈકાલે મૃત્યુ થયું હતું. ગુરુવારે સાંજે સંજયનું અવસાન થયું. તેમના મૃત્યુ સમયે, તેઓ યુકેમાં હતા અને પોલો મેચ રમી રહ્યા હતા. પોલો રમતી વખતે, એક મધમાખી તેમના મોંમાં ઘૂસી ગઈ, જેના પછી તેમને હૃદયરોગનો હુમલો આવ્યો અને ૫૩ વર્ષની ઉંમરે તેમણે દુનિયાને અલવિદા કહ્યું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, સંજય ઈંગ્લેન્ડના ગાર્ડ્સ પોલો ક્લબમાં પોલો મેચ રમી રહ્યો હતો, ત્યારે એક મધમાખી તેના મોંમાં ઘૂસી ગઈ. આ પછી સંજયને અસ્વસ્થતા અનુભવાઈ અને શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે તેને હૃદયરોગનો હુમલો આવ્યો.

મધમાખીએ તેને ગળામાં ડંખ માર્યો જેના કારણે તેનો દુખાવો વધી ગયો અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. આ વાત લેખક સુહેલ સેઠે **ANI** સાથે વાત કરતા કહી.અભિનેતા અને લેખક સુહેલ સેઠે તેમના મૃત્યુની પુષ્ટિ કરી અને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'સંજય કપૂરના મૃત્યુથી મને ખૂબ જ દુ:ખ થયું છે. ૧૨ મેના રોજ સવારે ઈંગ્લેન્ડમાં તેમનું અવસાન થયું. આ એક મોટું નુકસાન છે. તેમના પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના. ઓમ શાંતિ.'સંજય કપૂરે ૨૦૦૩ માં બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂર સાથે લગ્ન કર્યા. આ લગ્નથી તેમને બે બાળકો થયા - પુત્રી સમાયરા અને પુત્ર કિયાન. જોકે, થોડા વર્ષો સાથે રહ્યા પછી, તેમના સંબંધોમાં તિરાડ પડી ગઈ.૨૦૧૪ માં, કરિશ્માએ છૂટાછેડા માટે અરજી કરી અને ૨૦૧૬ માં તેમના છૂટાછેડા થઈ ગયા. આ સમય દરમિયાન, કરિશ્માએ સંજય પર ઘણા ગંભીર આરોપો પણ લગાવ્યા. ભલે સંબંધ તૂટ્યો, સંજય તેના બાળકોને મળવાનું ચાલુ રાખ્યું.કરિશ્મા કપૂર સંજય કપૂરની બીજી પત્ની હતી. અગાઉ, તેણે ફેશન ડિઝાઈનર અને સોશિયલાઈટ નંદિતા મહતાની સાથે લગ્ન કર્યા, જે ૧૯૯૬ માં થયા અને ૨૦૦૦ માં સમાપ્ત થયા. કરિશ્માથી છૂટાછેડા પછી, સંજયે ત્રીજી વખત મોડેલ અને ઉદ્યોગપતિ પ્રિયા સચદેવ સાથે લગ્ન કર્યા.પ્રિયા અગાઉ અમેરિકન હોટેલિયર વિક્રમ ચટવાલની પત્ની હતી, જેની સાથે તેને એક પુત્રી છે. સંજય અને પ્રિયાના પુત્રનું નામ અઝારિયસ છે. સંજયના ત્રણેય લગ્ન ગ્લેમર અને શોબિઝની દુનિયા સાથે સંબંધિત હતા, અને દરેક સંબંધ ચર્ચાનો વિષય રહ્યો.

# અમદાવાદ પ્લેન ક્રેશ : અનેકની અલવિદા કેટલાંક માટે ચમત્કાર





ગુડબાય, ઈન્ડિયાઃ બ્રિટીશ દંપતી ફીયોન્ગલ ગ્રીનલો-મીક (૩૯ ) તથા તેમના પતિ જેમી મીક ભારતના આધ્યાત્મિક પ્રવાસે હતો. અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં સવાર હતા. ભારતના પ્રવાસથી અભિભુત હતા અને ખુબ ખુશ હોવાનું દર્શાવી ‘ગુડબાય’ ઈન્ડિયા તરીકે ઈન્સ્ટ્રાગ્રામ પોસ્ટ મુકી હતી જે જીંદગીની આખરી બની હતી.

**તબીબ પરિવારનો કરૂણ અંત**

લંડનમાં સ્થાયી થવાનું સ્વપ્ર ડો.પ્રતિક જોષી તેમના પત્નિ ડો.કોમી વ્યાસ તથા સંતાનો મિરાયા, પ્રદ્યુત અને નકુલ માટે ચકનાચુર રહ્યું હતું. ઉદયપુરની હોસ્પીટલના ડો.કોમી વ્યાસ રાજીનામું આપીને પતિ સાથે લંડન સ્થાયી થવાના હતા દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં આખો પરિવાર હતો.

**સગાઈ માટે આવ્યા હતા**

વિભુતી પટેલ તથા હાર્દિક અવૈયા સગાઈ કરવા માટે ૧૦ દિવસની રજા લઈને આવ્યા હતા.વિભુતી લેસ્ટર કોલેજમાં ચડી જયા હાર્દિક સાથે પ્રેમ થતા સગાઈ નકકી કરી હતી.

**ગરબા આયોજક બચી ગયાઃ**

વડોદરાનાં જાણીતા માઁ શકિત નવરાત્રી ગરબાનાં આયોજક અને જાણીતા વેપારી જયેશ ઠકકર આજ વિમાનમાં પ્રવાસ કરવાના હતા. પરંતુ કોલકતાથી પરત આવવામાં મોડુ થયુ હોવાથી શિડયુલ બદલાવ્યો હતો અને તેમાં તેઓ બચી ગયા હતા.

**પારૂલ યુનિવર્સીટીનાં પ્રેસીડેન્ટ આગલા દિવસે જ ગયા હતા**

વડોદરા સ્થિત પારૂલ યુનિવર્સીટીના પ્રેસીડન્ટ ડો.દેવાંશુ પટેલે કહ્યું કે આ જ વિમાનમાં છેલ્લા ચાર દિવસમાં બે વખત પ્રવાસ કર્યો હતો બુધવારે જ ગેટવિક-અમદાવાદની ફલાઈટમાં પ્રવાસ કર્યો હતો આજ વિમાન ગઈકાલે ક્રેશ થયુ હતું.

**સવજી ટીંબડીયા બચી ગયા**

સવજી ટીંબડીયા તથા તેનો પરિવાર પણ દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં જ જવાનો હતો પરંતુ છેલ્લી ઘડીએ પ્લાન ફેરવ્યો હતો ગુરૂવારની ટીકીટ ચાર દિવસ મોડી કરી હતી. ભગવાન સ્વામીનારાયણની કૃપાથી જીવ બચ્યાના તેમના ઉદગાર રહ્યા હતા.

**કાંઈક ગરબડ છે...દિલ્હીથી બેસેલા પ્રવાસીએ કહ્યું હતું**

દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં દિલ્હીથી બેઠેલા આકાશ વત્સ નામનાં પ્રવાસીએ ફલાઈટ ક્રેશ થયાના બે કલાક પૂર્વે ટવિટ કર્યું હતું.એસી કામ કરતું નથી પોતે એન્જીનની બાજુમાં છે. કાંઈક અજુગતુ ગરબડ લાગે છે.પાયલોટે આશ્ર્વાસન આપ્યું હતું કે હવામાનનાં તોફાનથી કદાચ આવુ લાગતુ હશે પરંતુ આકાશમાં કયાંય વાદળો પણ ન હતા.

**પરિવાર પર બીજી ઘાત**

લંડનમાં વસતા ગુજરાતી લોરેન્સ ક્રિશ્ચિયનનાં પિતા ડેનિયલનુ ગત તા.૨૯મીએ અવસાન થયુ હતું. અંતિમવિધી માટે અમદાવાદ આવ્યો હતો અને લંડન પરત જતો હતો. એરપોર્ટ ગેટ પર સામાન લઈ જતાં લોરેન્સનો અંતિમ વિડીયો જારી થયો છે.

**ફલાઈટ ચુકીને જીવ બચ્યો**

ભારતમાં પરિવાર સાથે વેકેશન માણવા આવેલી ભૂમિ ચૌહાણ દુર્ઘટનાગ્રસ્ત ફલાઈટમાં જવાની હતી અમદાવાદનાં ભારે ટ્રાફીકમાં અટવાઈ જતાં ૧૦ મીનીટ મોડી પડી હતી. વિમાનમાં ચડવા ન દેતા ગુસ્સે ભરાઈ હતી. વિમાન દુર્ઘટનામાં ગણપતિબાપાએ જ જીવ બચાવ્યો છે જોકે દુર્ઘટનાથી સ્તબ્ધ છે અને કાંઈ બોલી શકવાની સ્થિતિમાં પણ ન હતી.

**ક્રુ મેમ્બરના નિવાસે શોક**

એર ઈન્ડીયાના વિમાનમાં બન્ને પાયલોટ તથા ૯ ક્રૂ મેમ્બર્સે જીવ ગુમાવ્યા હતા.મુંબઈમાં વસતા મૈથીલી પાટીલ, રોશની સોનગરે, દિપક પાઠક તથા સૈનિતા ચક્રવર્તીનાં નિવાસે શોક અને આઘાત હતો;.

**મણીપુરની બે ક્રૂ મેમ્બર**

મણીપુરની લમનુથીયમ સિંગ્સનાં તથા સંથોઈ શર્મા પણ ક્રુ ટીમમાં સામેલ હતી. વિમાન દુર્ઘટનાનાં સમાચારથી પરિવાર આઘાતમાં હતા. તેમના પરિવારે કહ્યું કે કોઈએ દુર્ઘટના બાદ સંપર્ક કર્યો ન હતો કે જાણ કરી હતી. રાજયમાં હિંસા બાદ પરિવારે સ્થળાંતર કર્યુંહતુંદુર્ઘટનાની જાણ બાદ તેને ફોન કરાયો હતો પરંતુ કોઈએ ઉપાડયા ન હતા.

**એરક્રાફટ ક્રેશ : બોઈંગના એન્જિન પર નિષ્ણાતોએ ઉઠાવ્યા સવાલ**

## ફલાઈટ જે કન્ડિશનમાં નીચે ગઈ એથી અનુમાન લગાવી શકાય કે એન્જિન ફેલ થયું હોવું જોઈએ : એરફોર્સ વિંગ કમાન્ડર





નવીદિલ્હી તા.૧૩

અમદાવાદથી લંડન જવા નીકળેલી ફલાઈટના ક્રેશ થવાનું અસલ કારણ તો તપાસ બાદ બહાર આવશે. પરંતુ જાણકારોનું કહેવું છે કે ક્રેશનો વીડિયો જોઈને તો એવું લાગી રહ્યું છે કે એન્જિનમાં સમસ્યા કારણ હોઈ શકે છે.

ઈન્ડિયન એરફોર્સના ફાઈટર પાયલોટ રહી ચૂકેલા વિંગ કમાન્ડર રોહિત કોધાન કે જેઓ હાલ સિવિલ એર લાઈન્સના કેપ્ટન છે, તેઓ કહે છે કે વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે પાયલોટે એર ક્રાફટના નોજને ઉપર તરફ ઉઠાવવાની કોશિષ કરી અને એર ક્રાફટ એ કન્ડિશનમાં નીચે ગયું, આથી લાગી રહ્યું છે કે એન્જિન ફેલ હોઈ શકે છે.

રોહિત કોધાને વધુમાં જણાવ્યું હતું કે અમે જયારે ટેક ઓફ શરૂ કરતા હોઈએ છીએ ત્યારે બન્ને પાયલોટ એક પ્રક્રિયા અનુસરતા હોય છે, જેમાં બધા ચેકસ કરવામાં આવે છે. અલગ અલગ ચેકસ હોય છે જેમાં એરક્રાફટના પર્ફોર્મન્સનો પતો લાગે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે જયાં સુધી આપણે એ ઉંચાઈ સુધી નથી પહોંચી શકતા ત્યાં સુધી અનેક ચેકસ રહેતા હોય છે. આ ઉપરાંત વચ્ચે વચ્ચે બધા ઓપરેશન્સ ચેક કરતા રહેતા હોઈએ છીએ કે એરક્રાફટમાં બધુ બરાબર છે કે નહીં.

**ક્ષતવિક્ષત થયેલી ડેડ-બોડી જોઈને જીવ વિચલિત થઈ ગયા, પણ માનવતાના ધોરણે એક પછી એક ડેડ-બોડી બહાર કાઢીઃ સ્થાનિક રહેવાસી**

## ચા પીવા બેઠેલા ચાર મિત્રોએ ધડાકો સાંભળતા જ મદદે દોડ્યા : કાટમાળમાંથી બચાવ-કામગીરી કરી



અમદાવાદ, તા.૧૩

અમદાવાદના મેઘાણીનગરમાં ચાની કીટલી પર ચા પીવા બેઠેલા ચાર મિત્રોએ પ્રચંડ ધડાકો સાંભળ્યો અને આગના ગોટેગોટા જોતાં એ દિશામાં મદદ માટે દોડયા હતા.

પ્લેન-ક્રેશની કરુણાંતિકામાં ઘટનાસ્થળે ક્ષતવિક્ષત થયેલી ડેડ-બોડી જોઈને મદદ માટે દોડી આવેલા આ સેવાભાવીઓના જીવ વિચલિત થઈ ગયા હતા, પણ તેમણે માનવતા મહેકાવી હતી અને કાટમાળમાંથી બચાવ-કામગીરી કરી રહેલી આર્મી, પોલીસ અને ફાયર-બ્રિગેડની મદદે આવ્યા હતા.

મદદ માટે ઘટનાસ્થળે દોડી આવેલા ચાર મિત્રો પૈકી પેરામિલિટરીમાં કામ કરતા અને હાલ રજા પર રહેલા દીપક ભદૌરિયાએ ઘટનાસ્થળે કહ્યું હતું કે, ‘અમે ચાર મિત્રો બપોરે કીટલી પર ચા પીતા હતા ત્યારે અમે જોરદાર બ્લાસ્ટનો અવાજ સાંભળ્યો અને ચારે બાજુ ધુમાડો જોવા મળ્યો.

એટલે તરત જ ઘટનાસ્થળે દોડી ગયા હતા, જ્યાં પ્લેન-ક્રેશ થયેલું જોવા મળ્યું હતું. અહીં તૂટી ગયેલા વિમાન અને બિલ્ડિંગના કાટમાળ નીચે દબાઈ ગયેલા લોકોને બહાર કાઢવામાં મદદ કરી હતી. અમે સાતથી આઠ ડેડ-બોડી બહાર કાઢી હતી.’

એમાંના એક મિત્ર આકાશ શાનીએ કહ્યું હતું કે, અમે જ્યારે ઘટનાસ્થળે અંદર ગયા અને જોવું ત્યારે ચારે બાજુ આગ, ધુમાડો અને કાટમાળ જોવા મળ્યાં અને એની વચ્ચે સળગી ગયેલી હાલતમાં ડેડ-બોડી જોવા મળી હતી.

ત્યારે કોઈ ડેડ-બોડીનો હાથ પકડીએ તો ખાલી હાથ જ અમારા હાથમાં આવે, કોઈનો માત્ર પગ જ હાથમાં આવે.

અમુક ડેડ-બોડીને બાઈક પર મૂકીને બહાર કાઢી એમ્બ્યુલન્સ સુધી લઈ ગયા તો કેટલીક ડેડ-બોડીને ગાદલામાં કે ચાદરમાં લપેટીને બહાર કાઠી હતી.


મદદ માટે ઘટનાસ્થળે પહોંચી ગયેલા સ્થાનિક રહેવાસી હાર્દિક ગોસ્વામી અને જયદીપસિંહ ઝાલાએ કહ્યું હતું કે, અમને જયારે ખબર પડી કે આપણા વિસ્તારમાં પ્લેન ક્રેશ થયું છે ત્યારે તરત જ મદદ માટે પહોંચી ગયા હતા.

ઘટનાસ્થળે ગંભીર પરિસ્થિતિ હતી. ડેડ-બોડી બળી ગયેલી હાલતમાં જોવા મળતી હતી. એક તબક્કે તો એમ પણ લાગ્યું કે, અમે કઈ રીતે મદદ કરીએ એવી પરિસ્થિતિ હતી. જોકે માનવતાના કામમાં પીછેહઠ ન હોય એટલે અમે પોલીસની સાથે મદદમાં લાગી ગયા અને ૧૦થી ૧૨ ડેડ-બોડી બહાર કાઢવામાં મદદ કરી હતી.

# કથા સાંભળ્યા પછી જીવનમાં ફેરફાર ન થાય તો માનજો કે કથા સાંભળી નથી.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**




અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી લંડન બસો બેતાલીસ માણસો સવાલાખ લીટર ઈંધણ ભરીને જતું એર ઈન્ડિયાનું વિમાન ટેક ઓફની થોડીક જ ક્ષણોમાં મેઘાણીનગર ઘોડા કેમ્પ પાસ બી જે મેડિકલ કોલેજના મેસ અને રેસિડન્સ હોસ્ટેલ બિલ્ડિંગને ટેકરાઇ આગના ગોળામાં ફેરવાઈ જતાં વિમાનમાં મુસાફરી કરી રહેલા રાજ્યના પૂર્વ. મુખ્ય મંત્રી વિજય રૂપાણી,કર્ગો મોટર્સ, લૂબી પાઈપના માલિક સહિત બસો ઓગણત્રીસ મુસાફરો અને બાર ક્રૂમેમ્બરના મૃત્યુ થતાં સમગ્ર દેશ માં હાહાકાર મચી ગયો.આવા બનાવો ચોક્કસ કંઈક બોધપાઠ આપે છે ગઈકાલના લેખમાં કહયું હતું કે, સમભાવ જાગે તેનું નામ સ્મશાન.સ્મશાનમાં રાજા આવે કે રંક, મુર્ખ આવે કે વિદ્વાન સૌના શરીરની ત્યાં રાખ જ થાય છે. વિમાન દુર્ઘટના આઘાત જનક છે પણ એ વિમાન તૂટ્યા પછીની ભયાનક આગમાં કોણ કયા દરજામાં હતું કંઈ જ નહિ ફક્ત રાખ.. હાડકાં જ..આપ સૌ સમજી ગયા હશો આ કાયામાં જીવ છે ત્યાં સુધી જ બધું જીવ નિકળી ગયા પછી તો લાશ.. નનામી..નિધન જ..આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાન વૈરાગ્ય સાથે ભક્તિને વધાર નારી આ કથા છે. કથા રડવા માટે છે.મહાન ભક્તોનાં મહાનપુરુષો નાં ચરિત્રો સાંભળી આપણને ભાન થાય કે,હાય હાથ મેં મારા આત્માના ઉદ્ધાર અર્થે કાંઈ કર્યું નહીં!કથા સાંભળ્યા પછી સંસાર ના વિષયો પ્રત્યે જો વૈરાગ્ય ન આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ ન જાગે તો તેવી કથા કથા જ નથી. કથા મનુષ્ય જીવનને સુધારે છે, જીવનનું પરિવર્તન કરે છે.કથા મનુષ્યના જીવનમાં ક્રાંતિ કરે છે. કથા સાંભળ્યા પછી જીવનમાં ફેરફાર ન થાય તો માનજો કે કથા સાંભળી નથી. શૌનકમુનિએ તેથી જ્ઞાન વધે, વૈરાગ્ય-ભક્તિ વધે એવી કથા સાંભળવા માગી છે.

શીરામાં અર્થદષ્ટિએ ઘઉંની કિંમત ઓછી છે, છતાં લોટ વિના શીરો થતો નથી.તત્ત્વદષ્ટિથી વિચાર કરો તો તેની કિંમત ઘી જેટલી જ છે. શીરો કરવામાં ઘઉં,ગોળ અને ઘી ની સરખી જરૂર છે. તેવી રીતે જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્યએ સમાન છે. જીવનમાં એ ત્રણેની જરૂર છે. સોળ આની જ્ઞાન અને સોળ આની વૈરાગ્ય આવે, ત્યારે જીવનો જીવભાવ જાય છે. જેનામાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય પરિપૂર્ણ હોય તે ઉત્તમ વક્તા છે. અનેક ઋષિમુનિઓ ત્યાં ગંગા કિનારે બેઠા હતા પણ કોઈ કથા સાંભળવા તૈયાર ન થયું, કેવળ શુકદેવજીનાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય પરિપૂર્ણ હતાં.

ભાગવતશાસ્ત્ર એ પ્રેમશાસ્ત્ર છે. પ્રેમ એ પાંચમો પુરુષાર્થ છે. શ્રીકૃષ્ણપ્રેમમાં દેહભાન ભુલાય, તે ઉત્તમ પ્રેમનું લક્ષણ છે. પરમાત્મા પ્રેમીને જ પોતાનું સ્વરૂપ બતાવે છે.જ્ઞાનમાર્ગમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. જ્ઞાનમાર્ગમાં જે મળેલું છે તેનો જ અનુભવ કરવાનો છે. ભક્તિમાર્ગમાં ભક્તિ દ્વારા ભેદનો વિનાશ કરવાનો છે. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનથી ભેદનો નિષેધ કરવામાં આવે છે. બંનેનું લક્ષ્ય એક જ છે. પૂર્વજન્મના પુણ્યનો ઉદય થાય છે, ત્યારે આ પવિત્ર કથા સાંભળવાનો યોગ થાય છે.

કળિયુગમાં જીવોને કાળરૂપ સર્પના મુખમાંથી છોડાવવા શુકદેવજીએ ભાગવતની કથા કહી છે. જ્યારે શુકદેવજી પરીક્ષિત રાજાને આ કથા સંભળાવતા હતા ત્યારે સ્વર્ગનું અમૃત લઈ દેવો ત્યાં આવેલા. દેવોએ કહ્યું કે, સ્વર્ગનું અમૃત અમે રાજાને આપીએ અને કથા અમૃત આપ અમને આપો. શુકદેવજીએ પરીક્ષિતને પૂછયું, તારે આ કથાનું અમૃત પીવું છે કે સ્વર્ગનું અમૃત પીવું છે? પરીક્ષિતે મહારાજને પૂછયું,મહારાજ સ્વર્ગ નું અમૃત પીવાથી શું લાભ? શુકદેવજી કહે છે, સ્વર્ગનું અમૃત પીવાથી પુણ્યનો ક્ષય થાય છે. પરંતુ પાપનો ક્ષય થતો નથી. પાપનો ક્ષય તો કથામૃતના પાનથી જ થશે.કથામૃતથી ભોગવાસના નો વિનાશ થાય છે. તેથી સ્વર્ગના અમૃત કરતાં આ કથામૃત શ્રેષ્ઠ છે

રાજાએ કહ્યું,ભગવાન,મારે સ્વર્ગ નું અમૃત પીવું નથી.મારે આ કથામૃતનું જ પાન કરવું છે.સાત જ દિવસમાં જ્ઞાન-વૈરાગ્યને જાગૃત કરી ભક્તિરસ ઉત્પન્ન કરનારી આ કથા છે. આપણામાં જ્ઞાન અને વૈરાગ્ય તો છે,પણ સૂતેલાં છે તેને જાગૃત કરવાનાં છે. એવો બીજો કોઈ ગ્રંથ નથી જે સાત દિવસમાં મુક્તિ અપાવી શકે.

સૂતજીએ કહ્યું કે, સાત દિવસમાં પરીક્ષિતને જે કથાથી મુક્તિ મળી તે કથા હું તમને સંભળાવું છું. સાત દિવસમાં મુક્તિ મળી. વક્તા શુકદેવજી જેવો હોય અને શ્રોતા પરીક્ષિત જેવો હોય તો, સાત દિવસમાં મુક્તિ મળે છે. વક્તા શ્રોતા બંને અધિકારી હોવા જોઈએ. કરંટ અને ગોળો બંને સારા હોવા જોઈએ.કથાસાંભળી પરીક્ષિતને સદ્ગતિ મળી.તેઓ વિમાનમાં બેસીને પરમાત્માના ધામમાં ગયા છે. આજકાલ લોકો કથા બહુ સાંભળે છે, પરંતુ તેઓને લેવા માટે વિમાન કેમ આવતું નથી? વિમાન આવતું નથી કારણ કે વક્તા-શ્રોતા અધિકારી નથી. વિમાન આવે તો મનુષ્યનીજવાની તૈયારી ક્યાં છે? મનુષ્ય પત્ની, પુત્ર, ધન વગેરેમાં ફસાયેલો છે. આ આસક્તિ છૂટે ત્યાં સુધી મુક્તિ નથી. જેનું મન પરમાત્માના રંગથી રંગાયેલું છે, તે જ્યાં બેઠો છે ત્યાં જ તેને મુક્તિ છે. ત્યાં જ તેનું વિમાન છે. તેને માટે વિમાન આવે તો પણ શું અને ન આવે તો પણ શું? ઈશ્વર સાથે તન્મયતા થતાં જ આનંદ મળે છે તેથી વિશેષ આનંદ વૈકુંઠમાં નથી. તુકારામને લેવા વિમાન આવ્યું. તુકારામજી પત્નીને કહે છે કે ચાલ,તને વિમાનમાં બેસાડીને પરમાત્માના ધામમાં લઈ જાઉં, પરંતુ પત્નીએ કહ્યું, તમારે જવું હોય તો જાવ, મારે આવવું નથી અને તે ગઈ નહીં. સંસારનો મોહ આવો છે.વાસના ઉપર અંકુશ ન આવે ત્યાં સુધી શાંતિ મળતી નથી કથાનો એકાદ સિદ્ધાંત પણ જો મગજમાં ઠસી જશે, તો જીવન મધુર બની જશે.

વાસના ક્ષીણ ન થાય, ત્યાં સુધી મુક્તિ મળતી નથી. પૂર્વજન્મનું શરીર ગયું, પણ મન ગયું નથી. લોકો તન અને કપડાંની કાળજી રાખે છે, પરંતુ મર્યા પછી પણ જે સાથે આવે છે તેની કાળજી રાખતા નથી, મર્યા પછી પણ મન સાથે આવવાનું છે.માટે તેની કાળજી રાખજો.ધન,શરીર વગેરેની કાળજી રાખશો નહીં. મર્યા પછી આંગળીમાં વીંટી હશે, તો તે પણ લોકો કાઢી લેશે. આચાર,વિચાર વિના મનની શુદ્ધિ થતી નથી અને મનની શુદ્ધિ થાય નહીં ત્યાં લગી ભક્તિ થઈ શકતી નથી.

વિવેકથી સંસારનો અંત ન લાવો ત્યાં સુધી અંત આવવાનો નથી. જીવનમાં સંયમ,સદાચાર જ્યાં સુધી ન આવે,ત્યાં સુધી પુસ્તકમાં જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં. ઘણા ઘણા ગ્રંથો વાંચવાથી બુદ્ધિમાં વિક્ષેપ થાય છે.

કેવળ જ્ઞાન શું કામનું? એક ગૃહસ્થનો પુત્ર મરણ પામ્યો. ગૃહસ્થ રુદન કરે છે. તેને ત્યાં જ્ઞાની સાધુ આવે છે અને ઉપદેશ આપે છે કે, “આત્મા અમર છે. મરણ તો શરીરનું થયું છે,તો તમારે પુત્રના મરણનો શોક કરવો ઉચિત નથી.”

થોડા દિવસ પછી તે જ્ઞાની સાધુની બકરી મરી ગઈ. તેથી તે રડવા લાગ્યો. સાધુને રડતો જોઈ તે ગૃહસ્થે સાધુને કહ્યું કે, બાપુજી તમે તો મને ઉપદેશ આપતા હતા ને કે કોઈના મરણનો શોક કરવો નહીં અને તેમ કેમ રડો છો! ત્યારે સાધુએ કહ્યું કે, છોકરો તારો હતો. પણ બકરી મારી હતી તેથી રડું છું. આનું નામ પરોપદેશે પાંડિત્યમ્!

કથા જીવનને સુધારે છે અને મુક્તિ આપે છે એ વાત સાચી છે. રોજ રોજ મૃત્યુને એક-બે વખત યાદ કરો, કદાચ આજે જ મને યમદૂત લેવા આવે તો? એમ રોજ વિચારો તો પાપ થશે નહીં. મનુષ્યો રોજ ભોજનનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરતો નથી. દુઃખની વાત છે.

આ ભાગવત કથાનું માહાત્મય એકવાર સનતકુમારોએ નારદજી ને કહી સંભળાવ્યું હતું. મહાત્મ્યમાં એવું લખ્યું છે કે, મોટા મોટા ઋષિઓ, દેવો, બ્રહ્મલોક છોડી વિશાલ ક્ષેત્રમાં કથા સાંભળવા આવ્યા છે, કારણ કે કથાનો આનંદ બ્રહ્માનંદ કરતાં પણ શ્રેષ્ઠ છે. યોગી એકલો તરે છે. સત્સંગી પોતે તરે છે અને સંગમાં આવેલાં સર્વને તારે છે.

વાચક ચાહક મિત્રો,અમદાવાદમાં પ્લેન ક્રેશ થયું અને તેના કારણે ત્રણસો જેટલા નિર્દોષ નાગરિકો એ જીવ ગુમાવ્યા આ આઘાત જનક ઘટના છે. પરમ કૃપાળુ પરમાત્માએ દિવંગત આત્માઓને ચિર શાંતિ અને પરીવારજનોને સ્વજન ગુમાવ્યાનું દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સહ શ્રદ્ધા સુમન અર્પણ કરીએ.અસ્તુ.

## ‘જાકો રાખે સાંઈએ માર શકે ન કોઈ’ કહેવતને સાબિત કરતો એક ચમત્કારિક બનાવ બન્યો છે

# પાલનપુરના એમબીબીએસ વિદ્યાર્થીએ જણાવી પ્લેનક્રેશની ભયાનક પળ, કહ્યું- લાગ્યું ભારત-પાકિસ્તાન વોરને લીધે એર સ્ટ્રાઈક થઈ

(ગરવી તાકત) પાલનપુર તા.૧૩

અમદાવાદ (૧૨ જૂન ૨૦૨૫)ના એર ઈન્ડિયાના પ્લેન ક્રેશમાં ‘જાકો રાખે સાંઈએ માર શકે ન કોઈ’ કહેવતને સાબિત કરતો એક ચમત્કારિક બનાવ બન્યો છે. બી.જે. મેડિકલ કોલેજમાં ફર્સ્ટ યર એમબીબીએસના વિદ્યાર્થી દ્રિજેશ મોરનો આ દુર્ઘટનામાં ચમત્કારિક બચાવ થયો છે. પ્લેન ક્રેશ થયું ત્યારે દ્રિજેશ બિલ્ડિંગમાં હાજર હતો અને હાથ ધોઈ રહ્યો હતો. આજે (૧૩ જૂન) તે પોતાના વતન પાલનપુર પરત ફર્યો છે. ગરવી તાકાત સાથેની વાતચીતમાં તેણે આ દુર્ઘટનાની ભયાનક પળોના અનુભવો શેર કર્યા છે. દ્રિજેશે કહ્યું કે, ‘પ્લેન ક્રેશ થયું ત્યારે પહેલા તો લાગ્યું કે ભૂકંપ આવ્યો છે, પછી એવું લાગ્યું કે ભારત-પાકિસ્તાન યુદ્ધને કારણે એર સ્ટ્રાઈક થઈ હશે.’





**‘ભગવાને અમને બચાવ્યા છે’**

દ્રિજેશે વધુમાં જણાવ્યું કે, ‘જો હું બહાર નીકળ્યો હોત તો દિવાલ તૂટીને મારી પર પડી હોત. જો મેસમાં જમતો હોત તો છત તૂટી પડી હોત. હું એકદમ પરફેક્ટ લોકેશન પર હતો, જેનાથી હું બચી ગયો. આ બધું ભગવાનની મહેરબાની છે.’

### અચાનક લાગ્યું કે ભૂકંપ કે એર સ્ટ્રાઈક થઈ છે

દ્રિજેશ મોરે જણાવ્યું કે, ‘પ્લેન ક્રેશ થયું ત્યારે હું મેસમાં જમવાનું પૂરું કરીને થાળી મૂકવા ગયો હતો. અચાનક જ એક તીક્ષ્ણ અવાજ આવ્યો. પહેલા તો લાગ્યું કે ભૂકંપ આવ્યો છે, પછી એવું લાગ્યું કે ભારત-પાકિસ્તાન યુદ્ધને કારણે એર સ્ટ્રાઈક થઈ હશે.’તેમણે ઉમેર્યું, ‘જ્યારે બારીઓ ખુલી ગઈ, ત્યારે ધૂળના કારણે શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી અને દ્રષ્ટિ પણ અંધકારમય થઈ ગઈ. બે મિનિટ સુધી હું ત્યાં જ ઉભો રહ્યો, કારણ કે બહાર નીકળવું જોખમભર્યું લાગતું હતું.’

### ‘દુર્ઘટનાની યાદો હંમેશા મગજમાં રહેશે’

દ્રિજેશે અંતે કહ્યું કે, "આ દુર્ઘટનામાં જીવિત બચવું એ ચમત્કાર છે. પરંતુ આ ભયાનક પળોની યાદો હંમેશા મગજમાં રહેશે. પ્લેન ક્રેશમાં જીવ ગુમાવનારાઓ માટે મને ખૂબ દુઃખ છે."વિમાન દુર્ઘટનાની આ ઘટના સમગ્ર દેશમાં શોક અને ચિંતાનું કારણ બની છે. દ્રિજેશ મોર જેવા સાક્ષીઓના અનુભવો આ દુર્ઘટનાની તપાસમાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

### ‘પ્લેનની બોડી જોઈને ખબર પડી કે પ્લેન ક્રેશ થયું છે’

દ્રિજેશે કહ્યું કે, ‘બહાર નીકળ્યા ત્યારે મેસના ઉપરના માળે પ્લેનની બોડી દેખાઈ. તે દ્રશ્ય ભયાનક હતું. લોકો દોડતા હતા, ચીસો પાડી રહ્યા હતા. તે સમયે કોઈએ ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી વિશે વિચાર્યું પણ નહીં.’

### ‘અવાજ અને ધૂળથી પરિસ્થિતિ ભયાનક બની’

દ્રિજેશે પ્લેન ક્રેશના અવાજ અંગે જણાવ્યું કે, "અચાનક તીક્ષ્ણ અવાજ આવ્યો અને ધૂળ ઉડવા લાગી. તે અવાજ એટલો ભયાનક હતો કે લાગ્યું કે કોઈ મોટો બ્લાસ્ટ થયો છે. તે પળોમાં બધું અંધકારમય લાગતું હતું.’

## અમદાવાદ વિમાન દુર્ઘટનામાં થાવરના દંપતીનું મોત

# લંડન જતી ફ્લાઈટમાં કમલેશ-ધાપુબેન ચૌધરી હતા સવાર, એરપોર્ટનો છેલ્લો વીડિયો આવ્યો સામે

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૩

અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થવાની ઘટનામાં બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થાવર ગામના એક દંપતીએ જીવ ગુમાવ્યો છે. મૃતક કમલેશભાઈ ચૌધરી છેલ્લા ૪ વર્ષથી લંડનમાં અભ્યાસ સાથે નોકરી કરતા હતા.

ગત નવેમ્બર માસમાં કમલેશભાઈના લગ્ન વીંછીવાડી ગામના ધાપુબેન સાથે થયા હતા. લગ્ન બાદ કમલેશભાઈ લંડન પરત ફર્યા હતા.



લંડનમાં સારું વાર્ષિક પેકેજ મળતા તેઓ થાવર આવ્યા હતા. તેમણે પત્ની ધાપુબેનના વિઝાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી અને તેમને લંડન લઈ જઈ રહ્યા હતા. પરિવારજનો દંપતીને થાવરથી અમદાવાદ એરપોર્ટ સુધી મૂકવા ગયા હતા. એરપોર્ટની અંદર જતા દંપતીનો છેલ્લો વીડિયો પણ સામે આવ્યો છે. વિમાન ઉડ્યા બાદ થોડી જ મિનિટોમાં દુર્ઘટના સર્જાઈ હતી.

દુર્ઘટનાની જાણ થતાં પરિવાર ધાનેરાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યો છે. મૃતદેહ મેળવવા માટે ડીએનએ સેમ્પલ આપવાની કાર્યવાહી કરવામાં આવી છે. દંપતીના મોતના સમાચારથી થાવર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મોટી સંખ્યામાં ગ્રામજનો એકઠા થયા છે.

## જાહેર રજા કરવાને કારણે સંબધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી

# શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે

**જો કોઇ માલિક કે નોકરીદાતા જોગવાઇથી વિરૂધ્ધનું વર્તન કરશે તો કાયદા હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર રહેશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

મહેસાણાના મદદનીશ શ્રમ આયુક્તશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, મહેસાણા જિલ્લામાં સમાવિષ્ઠ ૨૪-કડી (અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૫ આગામી તા-૧૯/૦૬/૨૦૨૫, ગુરૂવારના રોજ યોજાનાર છે ત્યારે તે વિસ્તારની દુકાનો અને સંસ્થાઓમાં કામ કરતાં શ્રમયોગીઓ /કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ - ૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો



અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતાં દરેક વ્યકિતની મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે. શ્રમયોગી / કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં જો કોઈ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫- બી ની જોગવાઈ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.

## પાલનપુરમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કાર્યવાહી

# સરકારી કર્મચારીઓ સહિત વાહન ચાલકો પાસેથી દંડ વસૂલાયો



પાલનપુર શહેરમાં પોલીસે ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારા વાહન ચાલકો સામે વિશેષ ડ્રાઈવ હાથ ધરી છે. જિલ્લા પોલીસ વડાની સૂચના અનુસાર, આ ડ્રાઈવમાં વિના નંબર પ્લેટ, બ્લેક ફિલ્મ અને હેલ્મેટ વગર વાહન ચલાવનારા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

વિશેષ રૂપે, જોરાવર પેલેસ સંકુલમાં આવેલી સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ આ કાર્યવાહીમાંથી બાકાત રહ્યા નથી. પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમે જોરાવર પેલેસ સંકુલના ગેટ પર ખાસ ચેકિંગ હાથ ધર્યું હતું. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા સરકારી કર્મચારીઓ સહિત તમામ વાહન ચાલકો પાસેથી નિયમ મુજબ દંડ વસૂલવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન વધુ સારી રીતે થશે તેવી આશા છે.

આ અંગે પાલનપુર શહેર પછિમ પોલીસ સ્ટેશનનાઁ પી.આર. મારુંએ જણાવ્યું કે, એસ.પી. સરની સુચના મુજબ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નંબર પ્લેટ વગરના વાહનો, બ્લેક ફિલ્મ અને આડેધડ ટુ વ્હિલર જે ચલાવે છે, તેની વિરુદ્ધ હાલ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાલનપુર શહેરમાં આવેલ જોરાવર પેલેસ છે, જેમાં સરકારી ઓફિસો આવેલી છે સરકારી કર્મચારીઓ જે કાયદાનું પાલન નથી કરતા જેમના પર દંડની કાર્યવાહી કરવામાં આવી છે.

## પાયલ ખટીકનું અમદાવાદ-લંડન એર ઇન્ડિયા ફ્લાઈટ ક્રેશ થતા મોત નીપજ્યું

# હિંમતનગરની ૨૨ વર્ષીય પાયલ ખટીક પ્લેન દૂર્ઘટનામાં સામેલ યુવતી એમટેક માટે લંડન જતી હતી, પરિવારે DNA ટેસ્ટ કરાવા આપ્યો

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૩

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં ગાયત્રી મંદિર રોડ પર આવેલ મીનાક્ષી વિલા ફ્લેટમાં ચોથે માળ રહેતી પાયલ ખટીકનું અમદાવાદ-લંડન એર ઈન્ડિયા ફ્લાઈટ ક્રેશ થતા મોત નીપજ્યું. જેને લઈને પિતા ગઈકાલે સાંજે અમદાવાદ ગયા હતા જ્યાં DNA માટેની પ્રક્રિયા કરી પરત હિંમતનગર રાત્રે આવ્યા હતા.





આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરમાં ગાયત્રી મંદિર રોડ પર આવેલ મીનાક્ષી વિલા ફ્લેટમાં ચોથે ૪૦૮ નંબરના મકાનમાં સુરેશભાઈ ખટીક તેમના બે દીકરી અને એક દીકરા સાથે છેલ્લા ૮ વર્ષથી રહે છે. તો પિતા લોડીંગ રિક્ષા ચલાવે છે. જયારે ૨૨ વર્ષીય દીકરી પાયલ ૧ થી ૧૨ સુધી હિંમતનગરમાં અભ્યાસ કર્યા બાદ રાજસ્થાનના ઉદેપુરમાં બીટેકનો અભ્યાસ કર્યા બાદ પરત હિંમતનગર રહેતી હતી. અને નોકરી ઉપરાંત બાળકોને ટ્યુશન કરાવતી હતી. પાયલ એમટેકના અભ્યાસ કરવા માટે લંડન જવા માટેની ફાઈલ મૂકી હતી, જે પાસ થયા બાદ લંડન જવાની છેલ્લા એક મહિનાથી તૈયારી કરતી હતી.

ત્યારે ગુરુવારે સવારે સુરેશભાઈ ખટીક પરિવાર સાથે પાયલને લંડન જવા માટે મુકવા એરપોટ ગયા હતા. જયારે અમદાવાદથી લંડન જતી એરઈન્ડિયાની ફ્લાઈટમાં બેસાડીને પરત હિંમતનગર આવ્યા હતા. જ્યાં ફ્લાઈટ ક્રેશ થવાના સમાચાર આવ્યા હતા.

જેને લઈને પિતા સુરેશભાઈ પરત અમદાવાદ ગયા હતા.જ્યાં તેમનું DNA ટેસ્ટ માટેની પ્રક્રિયા કરી હતી. અને મોડી રાત્રે પરત હિંમતનગર આવ્યા હતા. ૨૨ વર્ષીય પાયલ એર ઈન્ડિયાની ૧૭૧ અમદાવાદ-લંડન ફ્લાઈટમાં એરપોર્ટ પર ગેટ નંબર ૨ થી વિમાન સુધી પહોચી હતી અને સીટ નંબર ૩૩ત્ત હતો.જ્યાં તે બેસી હતી.ત્યારબાદ પરિવાર ઘરે આવ્યો હતો.

આ અંગે પિતા સુરેશભાઈ ખટીક અને પરિવારજન અશોકભાઈ ખટીકએ જણાવ્યું હતું કે, પાયલને ગઈ કાલે સવારે ૭.૩૦ એ અમદાવાદ પ્લેનમાં મુકવા ગયા હતા જ્યાંથી મુકીને ૧૨ વાગ્યે પરત આવ્યો હતો અને સમાચાર મળ્યા બાદ પરત ગયો હતો જ્યાં DNA ટેસ્ટ માટેની કાર્યવાહી કર્યા બાદ પરત હિંમતનગર આવ્યો હતો અને તંત્ર ધ્વારા ફોન કરીને જાણ કરવાની વાત કહી હતી.

ગઈ કાલે અમદાવાદ ખાતે પ્લેન દુર્ઘટના થઈ હતી જેમાં અમારી પાયલ ખટીક એમટેક કરવા માટે લંડન જતી હતી જેને મુકવા માટે અમે ગઈકાલે સવારે મુકીને પરત આવ્યા બાદ સમાચાર મળતા પરત અમદાવાદ ગયા હતા જ્યાં DNA ની પ્રક્રિયા કરી હતી.હિંમતનગરમાં આઠ વરસથી મીનાક્ષી વિલા ફ્લેટમાં પરિવાર રહેતો હતો.

# સંક્ષિપ્ત સમાચાર

## તાલાલાના ફાર્મ હાઉસમાંથી ડ્રગ પાર્ટીનો પર્દાફાશ, પોલીસે ૨૩ ડ્રગ વ્યસનીઓને પકડ્યા

સોમનાથ,તા.૧૩

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં, લોકો ઘણીવાર નશામાં જોવા મળે છે. તાલાલાના ગીર સોમનાથના ફાર્મ હાઉસમાં દારૂનો મહોત્સવ યોજાય છે. સુરવા-હડમતિયા રોડ પર આવેલા એથીસ ફાર્મ. પોલીસે ઘર પર દરોડો પાડ્યો. દારૂની પાર્ટી માણી રહેલા ૨૩ ડ્રગ વ્યસનીઓને પકડવામાં આવ્યા છે. દારૂની બોટલો સહિત ૪૧.૩૦ લાખ રૂપિયાનો માલ જપ્ત કરવામાં આવ્યો છે. બધા આરોપીઓ રાજકોટના ગોંડલાના હોવાનું બહાર આવ્યું છે.

નોંધનીય છે કે સુરવા-હડમતિયા રોડ પર ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ છે. આથીના ફાર્મ હાઉસમાં દારૂની પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસે દારૂની પાર્ટી કરતા ૨૩ ડ્રગ વ્યસનીઓની ધરપકડ કરી છે. દારૂની બોટલો સહિત રૂ. ૪૧.૩૦ લાખનો માલ જપ્ત કરવામાં આવ્યો છે.બીજી તરફ, અમદાવાદ એરપોર્ટ પરથી રૂ. ૩૭ કરોડનો હાઈબ્રિડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. ડીઆરઆઈએ ૩૭ કિલો હાઈબ્રિડ ગાંજો જપ્ત કર્યો હતો. બેંગકોકથી આવતા ૪ ભારતીય પ્રવાસીઓ પાસેથી ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. ખાદ્ય પદાર્થોના પેકિંગમાં હાઈબ્રિડ ગાંજો સાથે ચેડાં કરવામાં આવી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. ૨૦ દિવસ પહેલા પણ એપ્રિલમાં અમદાવાદ એરપોર્ટ પર ૧૭ કિલો હાઈડ્રોપોનિક ડ્રગ્સ એટલે કે હાઈબ્રિડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. છેલ્લા ૧૦ દિવસમાં બીજી વખત અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રગ્સની દાણચોરીનો પર્દાફાશ થયો હતો.

## મૃતદેહોની ઓળખ કરવી મુશ્કેલ, ડીએનએ ટેસ્ટ દ્વારા ઓળખવામાં આવશે

અમદાવાદ,તા.૧૩

ગુજરાતના અમદાવાદમાં આજે એક ભયાનક વિમાન દુર્ઘટના જોવા મળી. અમદાવાદથી લંડન જઈ રહેલા વિમાનને ટેકઓફ કર્યા પછી થોડીવારમાં જ અકસ્માત થયો. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જે બધાના આ અકસ્માતમાં મૃત્યુ થયા છે. આ ઘટના પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપતા ગુજરાત સરકારે કહ્યું છે કે મૃતદેહોની ઓળખ કરવી મુશ્કેલ છે, તેથી મૃતકોની ઓળખ ડીએનએ ટેસ્ટ દ્વારા કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વિમાનમાં સવાર હતા. જોકે, આ અંગે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં કુલ ૨૪૨ લોકોના મોત થયા છે. દરમિયાન, આ ઘટના પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપતા ગુજરાત સરકારે કહ્યું છે કે આ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૨૪૨ લોકોના મૃતદેહોની ઓળખ કરવી મુશ્કેલ છે. તેથી, ૨૪૨ લોકોના સંબંધીઓને બોલાવવામાં આવ્યા છે. આ મૃતદેહોની ઓળખ ઢ્ઢછ દ્વારા કરવામાં આવશે.

## એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની વાર્તા પ્રત્યક્ષદર્શીઓના શબ્દોમાં, એકે કહ્યું - ’બધે જ મૃતદેહો પડ્યા હતા’

અમદાવાદ,તા.૧૩

ગુજરાતના અમદાવાદમાં એક મોટો વિમાન દુર્ઘટના સર્જાઈ છે. ૨૪૨ મુસાફરોને લઈને એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું છે. આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. આ અકસ્માત અમદાવાદમાં ટેકઓફ કરતી વખતે થયો હતો. આ વિમાનમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ સવાર હતા. વિમાન ક્રેશ થતાં જ તે આગના ગોળામાં ફેરવાઈ ગયું. નજીકની ઈમારતોને નુકસાન થયાના પણ અહેવાલો છે. આ અકસ્માત અમદાવાદ હોર્સ કેમ્પ પાસે થયો હતો, જે સિવિલ હોસ્પિટલની નજીક છે. આ અકસ્માત પછી, ઘટનાસ્થળે હાજર પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો આવવા લાગ્યા છે.

એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના કેસમાં એક પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે, વાતાવરણ ભય જેવું હતું, એવું લાગ્યું કે ભૂકંપ આવ્યો છે. જોરદાર અવાજ આવ્યો, હું બહાર આવતાની સાથે જ મેં જોયું કે બધું ધુમાડો હતું. અમને ખબર નહોતી કે વિમાન ક્રેશ થયું છે. જ્યારે અમે અહીં આવ્યા, ત્યારે અમને ખબર પડી કે વિમાન ક્રેશ થયું છે. અહીં આવ્યા પછી, મેં જોયું કે વિમાન ક્રેશ થયું હતું અને અહીં ઘણા મૃતદેહો પડ્યા હતા.

## આણંદ જિલ્લાના ૨૦ નાગરિકો ફ્લાઇટમાં હતા સવાર, બધાના નામ આવ્યા સામે

અમદાવાદ,તા.૧૩

અમદાવાદના ઈતિહાસમાં આજે સૌથી મોટી દુર્ઘટના સામે આવી છે. બપોરે ૧.૪૦ કલાકે એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ કર્યાની સાથે ક્રેશ થઈ ગયું છે. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો (ક્રૂ મેમ્બર્સ સહિત) સવાર હતા. જેમાં ૧૬૯ ભારતીયો અને ૬૦થી વધુ વિદેશી નાગરિકો સામેલ છે. આ દુર્ઘટનામાં ૧૭૦થી વધુ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે.

અમદાવાદથી લંડન જઈ રહેલી ફ્લાઈટ ટેકઓફ કર્યા બાદ મેઘાણી નગરમાં ક્રેશ થઈ ગઈ હતી. આ વિમાનમાં આણંદ જિલ્લાના ૨૦ જેટલા લોકો સવાર થયા હતા, જેના નામ સામે આવ્યા છે.તેમાં બોરસદના મંજુલાબેન જગદીશભાઈ,ફાંગણીના નિખીલકુમાર રાજેશકુમાર પટેલ ,ચીખોદરાના દુષ્યંત અશોકભાઈ પટેલ ,ચીખોદરાનાં નીતાબેન અશોકભાઈ પટેલ ,ભરોડાના શશીકાંત રાવજીભાઈ પટેલ ,ભરોડાના કોકીલાબેન શશીકાંત પટેલ ,કરમસદના ભાવનાબેન બિપીનભાઈ રાણા ,સોજિત્રાના નિલકંઠભાઈ ચંદુભાઈ પટેલ ,રામનગરના મહેન્દ્રકુમાર મનુભાઈ વાઘેલા ,ખંભોળજના આકાશ નીલેશભાઈ પુરોહિત ,ઉમરેઠના સલમાબેન રજ્જાકભાઈ વહોરા ,કસુંબાડના રણવીરસિંહ નટવરસિંહ ચૌહાણ ,ગાના ગામના મોનાલીબેન પટેલ ,ગાના ગામના સન્નીભાઈ પટેલ ,તારાપુરના પાર્થ કમલેશભાઈ શર્મા ,આણંદના હાલાણી બદરૂદીન હસનઅલી ,આણંદના હાલાણી મલેકબેન રજબઅલી ,આણંદના હાલાણી યાસ્મીન બદરૂદીન જલસણના હર્ષીકાબેન જયંતીભાઈ પટેલ ,જલસણના જયંતિ પટેલ વિમાનમાં સવાર હતાં

એર ઈન્ડિયાએ પુષ્ટિ આપી છે કે અમદાવાદથી લંડન ગેટવિક જતી ફ્લાઈટ એઆઈ૧૭૧ આજે ટેકઓફ પછી અકસ્માતનો ભોગ બની હતી. અમદાવાદથી બપોરે ૧૩.૩૮ વાગ્યે ઉપડેલી આ ફ્લાઈટમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા. આમાંથી ૧૬૯ ભારતીય નાગરિકો, ૫૩ બ્રિટિશ નાગરિકો, ૧ કેનેડિયન નાગરિક અને ૭ પોર્ટુગીઝ નાગરિકો છે. વધુ માહિતી પૂરી પાડવા માટે અમે ૧૮૦૦ ૫૬૯૧ ૪૪૪ પર એક સમર્પિત પેસેન્જર હોટલાઈન નંબર પણ સ્થાપિત કર્યો છે.

Volume : 11 Issue : 61 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002